SEAT No.______

[189/A38]

# SARDAR PATEL UNIVERSITY

No. of Pages : 02

TYBA Examination, V Semester

Day : Saturday Date : 16-11-2019

Session : Evening Time : 02.00 pm to 05.00 pm

Subject Code : UA05CGLT14 - Paper N. : 14

Gujarati Literature - અપઠિત(અનસીન)

Total Marks : 70

નોંધ: જમણી બાજુનાં આંકડા પ્રશ્નના ગુણ દર્શાવે છે.

પ્ર-૧.નીચેનામાંથી કોઈપણ ત્રણના અર્થ વિસ્તાર લખો. (૨૪)

૧. છે માનવી જીવનની ઘટમાળ એવી.
દુ:ખપ્રધાન સુખ અલ્પ થકી ભરેલી.

૨. 'મનુષ્ય પોતાની દૃષ્ટિ છેડી બીજાની દૃષ્ટિથી, જુએ તો અરધું જગત શાંત થઇ જાય.

૩. સાહિત્ય એ જીવનનું પ્રતીક છે.

૪. 'સૌંદર્ય શું ? જગત શું ? તપ એજ શાથી

૫. 'જે પોષતું તે મારતું, શું એ નથી ક્રમ કુદરતી?

૬. 'જીવનમાં શું કે કલામાં, અનુકરણ એટલે મરણ.'

પ્ર-૨.નીચે આપેલ પરિચ્છેદનો ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો. (૧૬)

અહીં મને કૃષ્ણ યાદ આવે છે. એમને પણ એમ જ થયું હશે વિશ્વ તો આવું જ છે. સફળતા મળે કે ન મળે પણ કાર્ય તો કરવું જ. કૃષ્ણે ગીતામાં આ જ વ્યથિત ઉર ઠાલવ્યું ગાંધીજીએ ગીતામાં આ જ અનાસક્તિ- યોગ જોયો છેકેલ યાદવોએ ઋષિઓનું અપમાન કર્યું દ્વારકા ઉપર પ્રલય ઊતર્યો કૃષ્ણ દ્વારકા મૂકીને ચાલ્યા ગયા. એક ઝાડ નીચે બેઠા પદ્માસન વાળીને-પારધી આવ્યો ગુજરાતમાંથી જ-બહારથી નથી આવ્યો એણે જોયું, દૂર કોક બેઠું છે. એની આંખે અંધાપો આવી ગયો. ભાગવત લખે છેકે એને લાગ્યું કે કોઇ પશુ બેઠું છે. તીર માર્યું કૃષ્ણના જમણા પગને અંગૂઠે વાગ્યું. મનુષ્યમાં રહેલા પશુને દૂર કરવા જેણે પોતાનું જીવન ખર્ચી નાખ્યું, એ જ કૃષ્ણને પશુ માની ભારતવર્ષે મારી નાખ્યા પાંચ હજાર વર્ષ પછી એવો જ બીજો માણસ મળ્યો એની પણ એ જ દશા કરી ખૂબીએ છે કે ગાંધીજી જ્યારે નોઆખલીમાં ગયા મુસલમાનોની વચ્ચે ત્યારે કેટલાક લોકોને બીક લાગેલી કે મુસલમાનોમાંથી કોઇ ઝનૂની એમને મારી નાખશે, પણ ત્યાં કોઇ એને મારતું નથી, ગાંધીજીના સાચા જીવલેણ શત્રુઓ તો આપણે જ હતા, એમના ધર્મ-ભાઇઓ!

કરસનદાસ માણેક

અથવા

પ્ર-૨. નીચે આપેલ પરિચ્છેદનો ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો.

કલાસર્જનના હેતુઓ અનેક ગણવામાં આવે છે. કોઇ કહે છે કે નિજાનંદમાં મસ્ત કલાકાર મનની વાત મનમા સમાવી શકતો નથી એ ઊભરાય છે. અને જગતને કલાકૃતિ મળે છે. બીજા કહે છેજગતની પણ કલાકારને પડી નથી એ તો માત્ર પોતાના આત્માના આવિષ્કારને માટે જ મથે છે. તો વળી અમુક પક્ષને આવિષ્કરણ કરતાં આત્મગોપન જ કલાનો હેતુ લાગે છે. તેઓ કહેશે કે વિશ્વની રચના કરીને રચનારો તેની પાછળ છુપાઇ ગયો છે તેમજ શેક્સપિયર કે કાલિદાસે પોતાની કાવ્યસૃષ્ટિની પાછળ છુપાઇ જવાનો ઉપક્રમ રાખ્યો હશે બીજો પક્ષ તેથી પણ આગળ જઇ આત્મ

વિસ્મરણને કલાનો હેતુ માને છે. નિજને છુપાવવાનો જ કલાકારનો પ્રયત્ન હોતો નથી પોતાને ભૂલી જવા એ મથતો હોય છે અરે તેથી પણ વિશેષ એની ઈચ્છા હોય છે. એમ કેટલાકો પ્રતિપાદન કરે છે. અને કહે છે કે કલાકાર આત્મલોપન ઈચ્છતો હોય છે. પોતાની જાતને નિજી વ્યક્તિત્વની મર્યાદાઓને ભૂંસી નાખવા એ કલા દ્વારા વલખા મારતો હોય છે. પણ સામેથી બીજાઓ તદ્દન ઊલટી જ વસ્તુ ઠોકી ઠોકીને કહેવા માગે છે. કલાકાર નિજી વ્યક્તિત્વને ભૂંસી નાખવા તે શેનો માગે? ઊલટો એ આત્મવિસ્તાર–આત્મવડાઈ વાંછે છે. અને કદાચ આ બધા વાદોથી કંટાળીને જ તો 'કલા ખાતર કલા' કહેનાર વર્ગ અસ્તિત્વમાં આવ્યો નહિ હોય?

ઉમાશંકર જોષી

પ્ર–૩. નીચેનામાંથી ગમે તે ત્રણ છંદના બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો. (૧૫)

૧. હરિગીત ૨. હરિણી ૩. ઝૂલણા ૪. શિખરિણી ૫. શાર્દુલ વિક્રિડિત ૬.શાલિની

પ્ર–૪. નીચેનામાંથી ગમે તે ત્રણ અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો. (૧૫)

૧. વર્ણાનુપ્રાસ ૨. રૂપક ૩.ઉપમા ૪.શબ્દાનું પ્રાસ ૫. ઉત્પ્રેક્ષા ૬.સંસદેહ

—x—